# સ્મોક એલાર્મ આ કાયદો છે

**જો તમારા ઘરમાં આગ લાગે તો... બહાર નીકળી જાઓ દૂર રહો. તરત 9-1-1 ને કૉલ કરો.**



આપના ઘરનાં દરેક માળ પર તેમજ તમામ સૂવાનાં વિસ્તારોની બહાર, સ્મોક ઍલાર્મ કાર્યરત રાખો. ઘરમાલિકોની જવાબદારી બને છે કે તેઓ સ્મોક એલાર્મ ઇન્સ્ટોલ કરે અને તેને જાળવતા રહે. ઘરમાલિકોની
તે પણ સુનિશ્ચિત કરવાની જવાબદારી બને છે કે તેમની ભાડે આપેલી મિલકતો કાયદો અનુસરે.



ભાડાના ઘરના ભાડૂઆતોને અવશ્ય ઘરમાલિકને જાણ કરવાની રહેશે જો તેમને માલમ થાય કે:

- તેમના ઘરનું સ્મોક એલાર્મ જોડાયેલી સ્થિતિમાં નથી.
- તેમના ઘરનું સ્મોક એલાર્મ ચાલુ સ્થિતિમાં નથી અથવા બગડી ગયું છે.

ભાડૂઆતોએ કોઇપણ સંજોગોમાં સ્મોક એલાર્મ બંધ કરવું નહીં. આ કાયદાનું ઉલ્લંઘન છે!



વધુ રક્ષણ માટે, તમામ બેડરૂમમાં સ્મોક એલાર્મ લગાવવા.



માસિક ધોરણે સ્મોક એલાર્મ તપાસી લેવા, તેમ કરવા માટે ટેસ્ટ બટનને દબાવી રાખવું.



વર્ષમાં ઓછામાં ઓછું એક વખત બેટરી બદલો અથવા જ્યારે પણ એલાર્મ કિલકિલાટ કરે.

તેવા એલાર્મ વાપરવાનું વિચારો જેમાં ચિંતા મુક્ત કરતી 10 વર્ષ ચાલતી લિથિયમ બેટરી હોય.



10 વર્ષથી જૂના કાયમી ધોરણે બેસાડેલા/વિદ્યુત સહિતના સ્મોક એલાર્મ બદલી કાઢો.



જ્યારે પણ શક્ય હોય ત્યારે, એકબીજાથી જોડાયેલા સ્મોક એલાર્મ ઇન્સ્ટોલ કરો. જ્યારે એક વાગે ત્યારે તમામ વાગવાનું શરૂ કરે, જેથી દરેક માળ પર રહેતા લોકોને સાવધાન કરી શકાય.



જ્યારે એક બીજા સાથે જોડાયેલા સ્મોક એલાર્મ બદલો ત્યારે એવી સલાહ છે કે સિસ્ટમના તમામ એકમો એક જ વખતે બદલી કાઢવા જોઇએ. જો તમારે એક જ બગડી ગયેલું સ્મોક એલાર્મ બદલવાની જરૂર પડે તો ખાતરી કરી લેશો કે નવું એલાર્મ બેસાડેલા બીજા એકમો સાથે સુસંગત હોય.



જો તમારું સ્મોક એલાર્મ તમે રસોઇ કરો ત્યારે વારંવાર સક્રિય થયા કરે તો કોઇપણ સંજોગોમાં બેટરી કે એલાર્મ દૂર કરવા નહીં. એલાર્મને કોઇ બીજી જગ્યાએ ખસેડવાનું અથવા તેના બદલે એક ફોટોઇલેક્ટ્રિક એકમ બેસાડવાનું વિચારો.




બહેરા અથવા કાનથી ઓછું સાંભળતા વ્યક્તિઓની જરૂરિયાતો પૂર્ણ કરવા માટે ઉચિત હોય એવા સ્મોક એલાર્મ અથવા સાવધાન કરતા ડિવાઇસ ઇન્સ્ટોલ કરવા. આવા ડિવાઇસોમાં દેખાય એવી ચેતવણી આપતી ઝબકતી સ્ટ્રોબ લાઇટ , અને માનક સ્મોક એલાર્મના અવાજથી પિલો કે બેડશેકર સક્રિય થાય તેનો સમાવેશ થાય છે.

905.458.5580

bramptonfire.com
firelife@brampton.ca

BramptonFire
@BramptonFireES

BRAMPTON FIRE EMERGENCY SERVICES

# સ્મોક એલાર્મ આ કાયદો છે

તે ખરીદો – તેને ઇન્સ્ટોલ કરો – તેને તપાસો

## મારે મારું સ્મોક એલાર્મ ક્યાં ઇન્સ્ટોલ કરવું જોઇએ?

**સ્મોક એલાર્મ છત પર અથવા છત પાસે અથવા તો નિર્માતાની ઇન્સ્ટોલેશન સૂચનાઓમાં સૂચવ્યા પ્રમાણે ઇન્સ્ટોલ કરો.**




સ્મોક એલાર્મને છત પર અથવા છત પાસે ઇન્સ્ટોલ કરવાના હોય છે
ડેડ એર સ્પેસની અંદર નહીં

**જો તમે સ્મોક એલાર્મ ખોટી જગ્યા પર ઇન્સ્ટોલ કરો તો ધૂમાડા સામે તેનો પ્રતિભાવ વિલંબે થાય અથવા એલાર્મ બિલકુલ વાગે જ નહીં તેવું બને.**


905.458.5580
bramptonfire.com
firelife@brampton.ca
BramptonFire
@BramptonFireES
BRAMPTON